### પ્રધાનમંત્રીશ્રીની પંજાબમાં સુરક્ષાચૂકને લઈને

# સાબરકાંઠા ભાજપ દ્વારા સમગ્ર જીલ્લામાં મહામૃત્યુંજય જાપનું આયોજન....

**પંજાબની ઘટનાને લઈ હિંમતનગર શહેરમાં પ્લેકાર્ડ દર્શાવી વિરોધ કરાયો: દેશમાં નિમ્ન સ્તરની રાજનીતી કદાપી ચલાવી લેવાશે નહી : જે.ડી.પટેલ**

બાયડ તા.૭

પંજાબમાં દેશના પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના કાફલાને ૨૦ મીનીટ રોકી રાખવાના પ્રત્યાઘાતને લઈને સમગ્ર દેશમાં પંજાબની કોંગ્રેસની સરકાર પ્રત્યે ફીટકાર વરસી રહી છે. જેનાથી સમગ્ર દેશમાં વિવિધ કાર્યક્રમોનું આયોજન થયેલ. સાબરકાંઠા જીલ્લામાં પણ સમગ્ર વિવિધ મંડલોમાં વિવિધ મંદીરોમાં પ્રધાનમંત્રીના આયુષ્ય માટે મહામૃત્યુંજય જાપનું આયોજન કરેલ. હિંમતનગર શહેરમાં પણ સીધ્ધી વિનાયક મંદીર હરીઓમ સોસાયટી ખાતે પણ મહામૃત્યુંજય જાપનું આયોજન કરવામાં આવેલ. જેમાં જીલ્લા ભાજપ પ્રમુખ જે.ડી.પટલે જણાવેલ કે, દેશના પ્રધાનમંત્રી પંજાબમાં દેશભક્તિ અને



વિકાસના કામો માટે કાર્યક્રમમાં જઈ રહ્યા હતા તે સમયે તેમની સુરક્ષાને અવરોધ કરી ચુક કરવામાં આવી હતી. દેશના ઈતિહાસમાં આ પ્રકારની ઘટના બની નથી. કોંગ્રેસને દેશના પ્રધાનમંત્રી નાગરીકોનો વિકાસ થાય તે સહન કરી શકતી નથી. આ ઘટનાને સમગ્ર દેશમાં વખોડી કાઢવામાં આવી છે. હિંમતનગર શહેરમાં પણ જીલ્લા ભાજપ પ્રમુખ જે.ડી.પટેલ, મહામંત્રી કનુભાઈ પટેલ, પાલીકા પ્રમુખ યતીનબેન મોદી, મહિલા મોરર્ચાના પ્રમુખ નીલાબેન પટેલ, બ્રીજેશભાઈ પટેલ, સાબરકાંઠા જીલ્લા મહિલા મોરર્ચા મહામંત્રી કાજલબેન દોશી, પ્રીતેષ ગુર્જ્જર, શહેર પ્રમુખ પ્રો.વાસુદેવભાઈ રાવલ, મંદીરના મહંત વિકાસ મહારાજ તેમજ હિંમતનગર શહેર સંગઠન તેમજ પાલીકા સદસ્યો એકાદ-બે સીવાય તમામ ગેરહાજર રહ્યા હતા, આ પ્રસંગે સમગ્ર જીલ્લામાં પણ વિવિધ મંદીરોમાં મહામૃત્યુંજય જાપનું આયોજન કરવામાં આવેલ જે તસ્વીરોમાં નજરે પડે છે.


### ચોમાસા દરમ્યાન વરસાદ સારો થશે તેવો વર્તારો

# ભિલોડા તાલુકાના ખીલોડા ગામમાં દેવચકલી લીલા વૃક્ષ પર બેસતાં વર્ષ ફળ સારૂ રહેશે તેવો શુભ સંકેત

**ખેડુતોમાં અત્ર તત્ર સર્વત્ર આનંદની લાગણી પ્રસરી**

ભિલોડા,તા.૦૭

સાબરકાંઠા - અરવલ્લી જિલ્લા સહિત ભિલોડા તાલુકામાં આદિવાસી ભાઈઓ - બહેનો દ્વારા પોષ મહિનાના પહેલા શુક્રવારે ઉત્તરાયણની અનોખી રીતે વર્ષોની પરંપરા અનુસાર ઉજવણી કરાઈ છે. ભિલોડા તાલુકાના ખિલોડા ગામમાં દેવચકલી લીલા લીમડાના વૃક્ષ પર બેસતાં આગામી વર્ષ ફળ એટલે કે ચોમાસું સારૂ રહેવાનો સંકેત સાંપડ્યો છે.આદિવાસી ભાઈઓ - બહેનો દ્વારા



વર્ષોથી ચાલી આવતી વડીલોની પરંપરા મુજબ ઉત્તરાયણ પર્વ ઉજવવાની અનોખી પરંપરા હજુ પણ ઘણી જગ્યાએ જળવાઈ છે.ખિલોડા ગામમાં શુક્રવારના રોજ સરપંચ હસમુખભાઈ મેણાતના ઘરે સવારે ગામના નવયુવાનો તિલક, જીતેન્દ્ર, યોગેશ, સ્મિત, કાંતિભાઈ, ત્રિભુવન, પરેશ, ધવલ, અંકિત, અજય સહિત વડીલોની ઉપસ્થિતિમાં પક્ષીઓની વિવિધ પ્રકારની જાતોમાં શુકનિયાળ ગણાતી દેવચકલીને ખેત સીમાડાઓમાં દોડીને પકડી લાવ્યા હતા.વાજતે - ગાજતે ઢોલ નગારા સાથે કંકુ તિલક કરીને દેવચકલીને ઘી - ગોળ ખવડાવી સરપંચના વરદ્ હસ્તે ઉડાડવામાં આવતાં દેવચકલી લીલા વૃક્ષ પર બેસતા આગામી વર્ષ એકંદરે સારૂ જશે,ચોમાસા દરમ્યાન વરસાદ સારો થશે તેવો વર્તારો જોવા મળતા ખેડુતોમાં અત્ર તત્ર સર્વત્ર આનંદની લાગણી પ્રસરી છે.

## જન્મદિને વધામણી



વિરેન એસ વ્યાસ
વિવેકાનંદ સોસાયટી
બાયડ જીલ્લો અરવલ્લી



વિશાલ શર્મા
બાયડ જીલ્લો અરવલ્લી



ડો. રીષીન
ડો. મહેન્દ્રભાઈ પટેલ
ઋષિ કુંજ સોસાયટી
બાયડ જીલ્લો અરવલ્લી



શૈલેષભાઈ ડબગર
શુભમ સ્ટુડિયો
બાયડ જીલ્લો અરવલ્લી



દર્પણ રાકેશભાઇ પટેલ
વડોદરા



શાહ કર્મ જૈમિન કુમાર
આકરુંદ તા.ધનસુરા



કૈલાસબેન હસમુખભાઈ શાહ
વલ્લભ નગર સોસાયટી
બાયડ જીલ્લો અરવલ્લી

### પાડા ના વાકે પખાલી ને ડામ

# ખારી અમરાપુર દુધ મંડળીમાં સ્વચ્છતા નહી હોવાને કારણે સાબરડેરી દ્વારા નોટીસ પાઠવી

**કર્મચારીઓ પણ ડંડ ને પાત્ર ઠર્યા : કર્મચારીઓ પાસેથી ૧૧,૦૪૨,૮૦ વસુલ કરવામા આવશે : સવાર-સાંજ દુધના લેવાતા દુધ ગ્રાહકો ને નુકસાન : રોજનુ ૨૩૦૦ લિટર દૂધ ૭૦ હજાર નુ નુકસાન થયુ**

પ્રાંતિજ તા.૭

સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ તાલુકા ના ખારી અમરાપુર ગામે આવેલ દુધ મંડળી મા સ્વચ્છતા નહી હોવાને લઈ ને સાબરડેરી દ્વારા નોટીસ પાઠવી એક દિવસ દુધ લેવાનુ ના પાડી કર્મચારીઓ ને દંડ ને પાત્ર ઠર્યા તો કર્મચારીઓના વાકે દુધ ગ્રાહકો પાસેથી સવાર સાંજ નુ દુધ ના લેતા ગ્રાહકો ને એક દિવસ નુ નુકસાન ગયુ

ખારી અમરાપુર ગામે આવેલ દુધ ઉત્પાદક સહકારી મંડળી ને સ્વચ્છ દુધ સંપાદન કામગીરી અને આઈ.એસ.

**સેકેટરીનું શુ કહેવુ છે**
સફાઈ ને લઈ ને આજે દુધ લેવામા આવ્યુ નથી અને ઉપરથી સ્વચ્છતા મામલે નોટીસ મળેલ હોય આજે સફાઈ ચાલુ હોય સવાર સાંજ નુ દુધ લીધેલ નથી

ઓ ૯૦૦૧-૨૦૧૫ ના અમલીકરણ માં નિષ્કાળજી દાખવતા સાબરકાંઠા જિલ્લા સહકારી દુધ ઉત્પાદક સંઘ



લિમિટેડ , સાબરડેરી , હિંમતનગર દ્વારા I.S.O ના ધારા ધોરણો મુજબ મંડળી તથા બીએમસીયુ યુનીટ ની સફાઈ બરાબર કરવામા આવતી ના હોય અને બીએમસીયુ ના વાલ અને પાઈપ મા દહીં જોવા મળતા

**દુધ ગ્રાહકોનું શુ કહેવુ છે**
અમે રોજ સવાર સાંજ ડેરી મા દુધ ભરાવતા હોઈ એ છીએ પણ આજે ડેરી દુધ ના લેતા અમારે ઘરે દુધ પડી રહ્યુ છે અને નુકશાની ભોગવવાનો વાળો આવ્યો છે .

અને સ્વચ્છતા જોવા ના મળતા આઈ.એસ.ઓ કામગીરીમાટેની સંઘ દ્વારા ચુકવવામા આવેલ કર્મચારી પ્રોત્સાહન પેટે ૫(પૈસા) પ્રતી લિટર રકમ ૧૧,૦૪૨,૮૦ કપાત કરવામા આવશે તો સફાઈ માટે ૭।૧।૨૦૨૨ ને શુકવાર ના રોજ સવાર-સાંજ નુ દુધ લેવાનુ બંધ રખાતા રોજનુ સવાર સાંજ નુ ૨૩૦૦ લિટર ૭૦હજાર નુ જે દુધ ગ્રાહકો ને દુધ ના લેતા નુકસાન થયુ છે અને ડેરી મા દુધ ભરાવતા દુધ ગ્રાહકો નુ દુધ ઘરે પડી રહેતા નુકસાન ગયુ હતુ ત્યારે હાલતો પાડાના વાકે પખાલીને ડામ જેવુ જોવા મલ્યુ હતુ.

# ડીસામાં વડાપ્રધાનની સુરક્ષામાં પંજાબ સરકારની નિષ્ફળતાનો વિરોધ

**વડાપ્રધાનના દીર્ઘાયુ માટે મહામૃત્યુંજય જાપ પણ કરાયાં**

ડીસા, તા. ૭

પંજાબના ફિરોઝપુર જિલ્લામાં બુધવારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની સુરક્ષામાં મોટી ખામી સર્જાઈ હતી, જ્યાં વિરોધ કરી રહેલા ખેડૂતોએ તેમનો રસ્તો રોકી દીધો હતો. જેના કારણે વડાપ્રધાનનો કાફલો લગભગ ૧૫ મિનિટ સુધી ફ્લાયઓવર પર ઉભો રહ્યો હતો. જેના કારણે ફિરોઝપુરમાં પીએમની રેલી પણ રદ્દ કરવામાં આવી હતી.જે ઘટના અંગે સમગ્ર દેશમાં ઘેરા પ્રત્યાઘાતો પડયા છે ત્યારે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની સુરક્ષામાં પંજાબ સરકારની નિષ્કાળજીના કારણે જે દુર્ઘટના બની તેને વખોડી કાઢવા તથા સમગ્ર ભારતના ગૌરવ સમાન અને સર્વે ભારતીયોના હૃદય સમ્રાટ નરેન્દ્રભાઈ મોદીના દીર્ઘાયુ માટે રીજમેટ મહાદેવ મંદિર રાણપુર રોડ મહામૃત્યુંજય જાપ



રાજુભાઈ શાસ્ત્રીના દ્વારા કરવામાં આવ્યા હતા આ કાર્યક્રમ ડીસાના ધારાસભ્ય શશીકાંતભાઈ પંડ્યાના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો જેમાં ડીસા નગરપાલિકાના પ્રમુખ રાજુભાઈ ઠક્કર સહિત ડીસા શહેર ભારતીય જનતા પાર્ટીના શહેર પ્રમુખ પ્રતિક પઢીયાર, મહામંત્રી હકમાજી મંત્રી રાકેશભાઈ પટેલ સહિત સર્વે હોદ્દેદારો દરેક મોરચાના હોદ્દેદારો નગરપાલિકાના સદસ્ય સર્વે કાર્યકર્તા શુભેચ્છકો હાજર રહ્યા હોવાનું ભાજપ મિડિયા સેલ કન્વીનર કાન્તિલાલ લોધાએ જણાવ્યું હતું.

# અરવલ્લી જીલ્લા કક્ષાનો 'પ્રજાસત્તાક પર્વ' માલપુર ખાતે યોજાશે...

**૨૬ જાન્યુઆરી ઉજવણીના સંદર્ભે કલેકટરની અધ્યક્ષતામાં વ્યર્ચુલ બેઠક**

બાયડ તા.૭

દેશના પ્રજાસત્તાક પર્વની ઉજવણી આગામી ૨૬ જાન્યુઆરી ૨૦૨૨ના રોજ થનાર છે ત્યારે અરવલ્લી જિલ્લાના પ્રજાજનો પણ આ રાષ્ટ્રીય પર્વમાં ઉત્સાહભેર જોડાય તે માટે વિશેષ આયોજન



હાથ ધરાયું જે અંતર્ગત અરવલ્લી જીલ્લામાં પણ આ દિનની આગોતરી તૈયારીઓ સાથે કોરોના સામે તકેદારીના પગલા લઈને ઉજવણી કરવા જીલ્લા કલેકટરશ્રી નરેન્દ્રકુમાર મીનાની અધ્યક્ષતામાં જીલ્લાના અધિકારીશ્રીઓ સાથે વ્યર્ચુલ બેઠક યોજાઈ હતી.

આ બેઠકમાં કલેકટરશ્રી નરેન્દ્રકુમાર મીનાએ જણાવ્યું કે, જે તે વિભાગના અધિકારીઓને જે કામગીરી સોંપવામાં આવી છે. તેને ચીવટ પૂર્વક નિભાવવાની રહેશે. જીલ્લાનાકક્ષાના કાર્યક્રમની સ્થળની પસંદગી કરી તે સ્થળની સફાઈ, કામગીરી, ગામોની સાફ સફાઈની કામગીરી સુશોભન કરવું તેમજ ધ્વજ વંદન અને સ્ટેજ,પરેડ, વગેરે માટે મેદાનને તૈયાર કરવું, કાર્યક્રમમાં ગરીમા પૂર્વક ઉજવાય તેવી કામગીરી કરવા અનુરોધ કર્યો હતો.

આ ઉપરાંત ધ્વજવંદનના સ્થળે માઈક, લાઈટ તથા ઈલેક્ટ્રિક સપ્લાય અવિરત મળે તે માટેની જરૂરી કામગીરી, પ્રોટોકોલ મુજબ બેઠક વ્યવસ્થા ગોઠવવી, સ્વાતંત્ર્ય સેનાનીઓનું સન્માન તથા મહેમાનો-મહાનુભાવોનું સ્વાગત ઉપરાંત કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે અંગે વ્યવસ્થા, ધ્વજવંદનના સ્થળે ધ્વજદંડ, સ્ટેજ, સુશોભનની કામગીરી, વૃક્ષારોપણ અને ટ્રાફિક તથા વાહન પાર્કિંગની વ્યવસ્થાની કામગીરી કરવી તથા ટેબ્લો નિદર્શન અંગેની પણ ચર્ચા કરવામાં આવી હતી. રાષ્ટ્રીય પર્વની ઉજવણી સોશિયલ ડિસ્ટન્સ સાથે કરવા અનુરોધ કર્યો. આ ઉપરાંત પ્રજાસત્તાક પર્વ પૂર્વ સંધ્યાએ તાલુકા/ગ્રામ્ય કક્ષાએ રાષ્ટ્ર ભાવના ઉજાગર થાય એવી કામગીરી કરવા સુચન કર્યું હતું.

આ બેઠકમાં જીલ્લા નિવાસી કલેકટર શ્રી એન.ડી.પરમાર, જીલ્લા ગ્રામ વિકાસ અધિકારીશ્રી બી.ડી.ડાવેરા, બાયડ પ્રાંત અધિકારીશ્રી વિમલ બારોટ, નાયબ પોલીસ અધિક્ષકશ્રી, જીલ્લા પુરવઠા અધિકારીશ્રી, આરોગ્ય અધિકારીશ્રી તથા જીલ્લાના અન્ય વિભાગના અધિકારીશ્રીઓ વ્યર્ચુલ મિટીંગમાં ઉપસ્થિત રહ્યા હતા.

# પ્રજાસત્તાક દિને દિલ્હીની પરેડમાં NCC-35 ગુજરાત બટાલિયન બનાસકાંઠાના ૪ કેડેટસની પસંદગી કરાઈ

પાલનપુર તા. ૭

ગુજરાતમાંથી ૫૭ એન.સી.સી. કેડેટસની પસંદગી કરવામાં આવી. દિલ્હીમાં ૨૬મી જાન્યુઆરી-૨૦૨૨માં પ્રજાસત્તાક પર્વે ગણતંત્ર દિવસની રાજપથ પર યોજાનારી પરેડમાં ગુજરાતમાંથી ૫૭ એન.સી.સી. કેડેટસની પસંદગી કરવામાં આવી છે. જેમાં NCC 35 ગુજરાત બટાલિયન બનાસકાંઠામાંથી ૪ કેડેટસની પસંદગી થઈ છે. જી. ડી. મોદી કોલેજ ઓફ આર્ટ્સ



પાલનપુરમાંથી પ્રજાપતિ વિશાલ, ચૌધરી વિકાસ અને નાઈ રાકેશ એમ 3 NCC કેડેટસની પસંદગી થઈ છે અને દિયોદર કોલેજના ભરત કાપડીની પસંદગી થઈ છે. તેઓ હાલ દિલ્હીમાં છે ત્યાં કવોરોન્ટાઈન રખાયા બાદ ૨૬મી જાન્યુઆરી-૨૦૨૨ની પરેડની તૈયારી કરી રહ્યાં છે. બે પ્રી.આર.ડી કેમ્પ કર્યા પછી આર.ડી.સી. માટે પસંદ કરાયા હતા. બનાસકાંઠા જિલ્લાના આ યુવાનો ૨૬મી જાન્યુઆરીએ દિલ્હી રાજપથ પર યોજાનાર પરેડમાં ભાગ લઈ પાલનપુર અને દિયોદર કોલેજ પરિવાર, બનાસકાંઠા જિલ્લો તથા સમગ્ર ગુજરાતનું ગૌરવ વધારશે.

# ડીસામાં પુત્રવધુએ સાસુને માર મારતા પોલીસ ફરિયાદ: પુત્રવધુ વિરુદ્ધ વિવિધ કલમો હેઠળ ગુનો દાખલ

ડીસા, તા. ૭

ડીસામાં પુત્રવધુએ સાસુને મિલકતમાં ભાગ કેમ આપતા નથી ? તેમ કહી ઝગડો કરી માર માર્યો હતો. આ મામલે પીડિત સાસુએ ડીસા દક્ષિણ પોલીસ મથકે પુત્રવધુ વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા ચકચાર મચી જવા પામી છે.

આ ફરિયાદની વિગત જોતા ડીસાના પુરોષતમ પાર્ક ખાતે રહેતા લીલાબેન વિજયભાઈ ખત્રીના પતિ ચૌધરી પેટ્રોલ પમ્પ નજીક ખત્રી ટ્રેડિંગ નામની બીડી માચીસની હોલસેલ દુકાન ધરાવે છે. તેમના દીકરા પરણિત હોવાથી અલગ રહે છે. તેઓ તેમના પતિને ટિફિન આપવા માટે અવાર નવાર દુકાને જતા હતા અને ગતરોજ સાંજના સુમારે તેઓ દુકાને આવેલા અને પછી દુકાન બન્ધ થતા તેમના પતિ વિજયભાઈ સાથે ઘરે જવા નીકળ્યા હતા. જોકે તેમના પતિ કોઈ કારણસર રોકાઈ જતા તેઓ ચાલતા ચાલતા થોડા નીકળી ગયેલા. તે દરમિયાન સુભાષચોક નજીકના રોડ આગળ તેમના દીકરા કૃણાલની પુત્રવધુ અરુણાબેન સામે મળેલા અને કહેવા લાગેલ કે તમે કેમ અમને ઘરમાં અને પૈસામાં ભાગ આપતા નથી ? તેમ કહી જેમ તેમ ગાળો બોલવા લાગેલ જેથી સાસુ લીલાબેને ગાળો બોલવાની ના પાડતા અરુણાબેન ઝપાઝપી કરવા લાગેલ અને ગડદાપાટુનો માર મારતા લીલાબેન નીચે પડી જતા રોડ ઉપરનો પથ્થર માથામાં વાગતા લોહી નીકળવા લાગેલ. જોકે બનાવના પગલે લીલાબેન ગભરાઈ ગયેલા અને બુમો પાડવા લાગતા પાછળ આવતા તેમના પતિ વિજયભાઈ દોડી આવી તેમને મારમાંથી છોડાવેલા પરંતુ અરુણાબેન સાસુ લીલાબેનને જાનથી મારી નાખવાની ધમકી આપી જતા રહેલ. ઈજાગ્રસ્ત લીલાબેન સારવાર અર્થે ડીસા સિવિલ હોસ્પિટલ ખાતે ગયેલા અને બાદમાં આ મામલે ડીસા દક્ષિણ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા દક્ષિણ પોલીસે અરુણાબેન કૃણાલભાઈ ખત્રી (રહે.ૐપાર્ક ડીસા) વિરુદ્ધ વિવિધ કલમ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# બનાસકાંઠાના દિયોદરમાં અનાજ સંગ્રહખોરીનું કૌભાંડ ઝડપાયું

**અગાઉ મળી આવેલ અનાજનો જથ્થો સરકારી હોવાનું બહાર આવતા પોલીસ ફરિયાદ નોંધાઈ : રૂ.૮,૮૮,૯૦૦ ની કિંમતના ૬૯૬ અનાજના કટ્ટા સિઝ કરાયા**

પાલનપુર તા.૭

બનાસકાંઠા જિલ્લાના દિયોદર ની જીઆઈડીસી ના એક ગોડાઉનમાં એક મહિના અગાઉ ઝડપાયેલ શંકાસ્પદ અનાજનો જથ્થો તપાસ દરમિયાન સરકારી હોવાનું બહાર આવતા દિયોદર મામલતદારે અનાજની સંગ્રહખોરી કરનાર ઈસમ સામે પોલીસ ફરિયાદ નોંધાવી છે . દિયોદર ખાતે આવેલ જીઆઈડીસીના પ્લોટ નંબર ૫૦ માં એક મહિના અગાઉ મોડી રાત્રે સસ્તા અનાજની દુકાનનો રાશનનો જથ્થો ટ્રક મારફતે લાવી આ ગોડાઉનમાં તેના કટ્ટા પલટાવી કૌભાંડ આચરવામાં આવી રહ્યું હોવાની માહિતીને લઈ દિયોદર નાયબ પુરવઠા અધિકારી, મામલતદાર અને પોલીસ સહિતની ટીમ ઘટના સ્થળે પહોંચી તપાસ શરૂ કરી હતી. આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠાના સંવાદદાતા હરેશ જી. જોષી એ જણાવ્યું હતું કે,જે રૂ.૩.૯૭.૫૦૦ ની કિંમતના ઘઉ ના ૩૧૮ કટ્ટા અને રૂ.૪.૯૧.૪૦૦ની કિંમતના ચોખાના ૩૭૮ કટ્ટા અનાજ ના જથ્થા સહિત કુલ.રૂ.૮.૮૮.૯૦૦ ના મુદ્દામાલને સીઝ કરવામાં આવ્યો હતો. જે બાદ સતત એક મહિના સુધી ચાલેલી તપાસમાં ગોડાઉન માલિક ભરતકુમાર રામગોપલ ઠક્કરે રહે.વસુંધરા સોસાયટી ડીસા વાળા એ જથ્થા અંગે બિલ રજૂ કર્યા હતા. જોકે તપાસ દરમિયાન આ તમામ બીલો ખોટા હોવાનું ધ્યાનમાં આવતા અનાજ અને ભરત ઠક્કર ના જવાબો ખોટા હોવાનું પ્રતીત થતાં જ મામલતદાર વિધિબેન પટેલે અનાજ માફિયા ભરત ઠક્કર સામે આવશ્યક ચીજવસ્તુ ધારા અધિનિયમ ૩ અને ૭ મુજબ ફરિયાદ નોંધાવી છે.

ટચુકડી જાહેર ખબર
દર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧,
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧